news communications

| Publication | Edition | Date |
| --- | --- | --- |
| Prabhat Ahmedabad | Ahmedabaad | 01/04/2016 |

# ડબ્લ્યૂ.સી.આર.સી. એવોર્ડ ૨૦૧૫ના વિજેતા કામધેનુ લિ.



દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત કન્સલ્ટેન્સી સંસ્થાઓમાંથી એક વર્લ્ડ કન્સલ્ટિંગ એન્ડ રિસર્ચ કોર્પોરેશન (ડબ્લ્યૂ.સી.આર.સી) દ્વારા સ્ટીલ સેગમેન્ટમાં એશિયાના બેસ્ટ બ્રાન્ડ રૂપે ચૂંટીને કામધેનુ લિમિટેડે સ્ટીલ તથા આયર્ન સેગમેન્ટમાં નવો ઈતિહાસ બનાવવાનો સિલસિલો ચાલુ રાખ્યો છે. ભારતીય નિર્માણ સામગ્રી બજારના સૌથી પ્રભાવી બ્રાન્ડ રૂપે પોતાને સ્થાપિત કરી ચૂકેલ કામધેનુને નિરંતર વિશ્વ સ્તરે ઓળખ અને પ્રશંસા મળી રહી છે.

માર્ચ ૨૦૧૬ બેંકાકની હોટલ અમેરી વોટર ગેટમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્તરના ડબ્લ્યૂ.સી.આર.સી. એવોર્ડ સમારોહમાં એશિયાના કોર્પોરેટ જગતના ગણમાન્ય તથા પ્રભાવશાળી લોકો ઉપસ્થિત હતા. એશિયાના ઘણા દેશોના માર્કેટિંગ ગુરૂઓ તથા કોર્પોરેટ લીડર્સની ગરિમામયી ઉપસ્થિતિમાં કામધેનુના ડિરેક્ટર શ્રી સુનિલ અગ્રવાલ તથા શ્રી સૌરભ અગ્રવાલે એશિયાના બેસ્ટ બ્રાન્ડનો એવોર્ડ ગ્રહણ કર્યો.

કામધેનુને એક પ્રતિષ્ઠિત ગ્લોબલ મંચ પર મળેલ આ સમ્માન ત્રણ મહીનાથી પણ ઓછા સમયની અંદર વૈશ્વિક મંચ પર બ્રાન્ડના પુરસ્કૃત થવાનો બીજો અવસર છે. આ પહેલા કામધેનુ ડિસેમ્બર ૨૦૧૫માં દુબઈમાં આયોજિત સમારોહમાં આયર્ન તથા સ્ટીલ સેગમેન્ટમાં વર્લ્ડ ગ્રેટેસ્ટ બ્રાન્ડ ૨૦૧૫- એશિયા એન્ડ જીસીસી એવોર્ડના વિજેતા રહ્યા છે. એવોર્ડ આપતા સમારોહના મંચથી સ્ટીલ સેગમેન્ટમાં કામધેનુના યોગદાન તથા પ્રભાવી બજારનીતિની પ્રશંસા કરતા કહેવામાં આવ્યું કે, ૧૯૯૪માં પોતાની સ્થાપનાના સમયથી જ કામધેનુ લિ. સ્ટીલ સેગમેન્ટમાં આધુનિક ટેકનિક તથા અવિષ્કારી બજાર નીતિઓને લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે.